# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**<u>વિષયઃ–</u> જુદા જુદા હેતુ માટે આપવામાં આવતી પેશગી / ખર્ચના હિસાબો રજુ કરાવા અંગે.**

**પરિપત્ર નં.** ૯૯૮

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટીનાં જુદા જુદા વિભાગોનાં વડાશ્રીઓને જણાવવાનું કે આપની કોલેજ / વિભાગોને યુનિવર્સિટીની કામગીરી જેવી કે પરીક્ષા ડમી–ડીસ્પેચ રીસીવીંગ / મધ્યસ્થ મૂલ્યાંકન / કોન્ફરન્સ / સેમિનાર અને શિબિર / રમત–ગમત સ્પર્ધાઓ વગેરે તેમજ અન્ય ખર્ચ માટે યુનિવર્સિટી તરફ થી (એડવાન્સ) પેશગી ચુકવવામાં આવે છે.

સદર ચુકવવામાં આવેલી પેશગીનાં સામે ખર્ચનાં હિસાબો (બીલો / જે તે પરીક્ષા / સેમિનાર / શિબિર પૂર્ણ થયા બાદ તુરત જ યુનિવર્સિટી ખાતે રજુ કરવાનાં હોય છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે કેટલીક કોલેજો / વિભાગો દ્વારા હિસાબો સમયસર રજૂ કરવામાં આવતા નથી જેના કારણે બિન જરૂરી બાકી પેશગી ની રકમમાં વધારો થાય છે. અને ઓડીટનાં આ અંગે પ્રશ્નો / ઓડીટ પારા ઉપસ્થિત થાય છે. આથી તમામ કોલેજો તેમજ યુનિવર્સિટીનાં વિભાગોને જણાવવાનું કે જે કામગીરી માટે પેશગી લીધેલ હોય તે કામ પૂર્ણ થયા બાદ સત્વરે બચેલ પેશગીની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવી તથા તેના હિસાબો સત્વરે રજૂ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જયારે આપની કોલેજ / વિભાગ ને આપવામાં આવેલ પેશગીનાં હિસાબો / બીલો યુનિવર્સિટી ખાતે રજુ કરવામાં આવે ત્યારે **<u>બીલમાં આપની કોલેજ / વિભાગે મળેલ પેશગી કઈ તારીખે મળેલ હતી તે તારીખ, કયા ચેક નંબર થી અને કયા હેતુ માટે પેશગી મળેલ હતી તેની વિગતો અચુક જણાવવી.</u>** જો કોલેજો ને / વિભાગોને સીધે સીધી કોર બેન્કીંગ દ્વારા બેંક ખાતામાં રકમ જમા કરવામાં આવેલ હોય તેવી કોલેજોએ મેળવેલ પેશગી કઈ તારીખે તેમના બેંક ખાતામાં રકમ જમા મળેલ હતી તેની વિગત બીલમાં અવશ્ય દર્શાવવાની રહેશે.

ઉપરોકત પરિપત્ર નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમાં ચુક થવાના કારણે જો કોઈ ઓડીટનાં પ્રશ્ન ઉપસ્થિત થશે. તો તેની સઘળી જવાબદરી જે તે કોલેજ / વિભાગની રહેશે.

કા.કુલસચિવ

જા.નં. હિસાબ/ઓડીટ/પરિપત્ર/૯૯૮/૨૦૧૭
યુનિવર્સિટી રોડ.પો.બો.નં.૨૧
પાટણ–૩૮૪૨૬૫
તારીખઃ-૯/૧૧/૨૦૧૭

પ્રતિ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા યુનિ. તમામ વિભાગીય વડાઓ તરફ કોલેજ સ્ટાફને આ બાબતે જરૂરી સુચના આપવી.